## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**અમે પણ પાકિસ્તાનને તેની ભાષામાં જવાબ આપી શકીએ પરંતુ અમે રાષ્ટ્રભાષાને વધુ મહત્વ આપીએ છીએ...!!**

# સે-૨૪ના આદર્શનગરમાં અનઅધિકૃત બાંધકામ સામે ભાજપ-કોંગીએ મોરચો માંડયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સે-૨૪ના આદર્શનગરમાં રહેણાંક વિસ્તારમાં હોસ્ટેલ બનાવી કોમર્શીયલ ઉપયોગ કરવાની પ્રવૃત્તિ સામે આજે કાઉન્સીલરો તેમજ વસાહતીઓએ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીને મળીને ઉગ્ર રજુઆત કરી વિરોધ નોંધાવ્યો હતો.

ભાજપના પ્રવિણાબેન દરજી, પૂર્વ કાઉન્સીલર સંદીપ જયોતિકર, કોંગીના અંકિત બારોટ સહિત ૨૫થી વધુ વસાહતીઓ આજે આ અંગે રજુઆત કરવા મનપાની કચેરીએ પહોંચ્યા હતા.

આ આગેવાનોએ એવી રજુઆત કરી હતી કે અનઅધિકૃત બાંધકામ કરવા ઉપરાંત રહેઠાણ ઝોનમાં વાણિજયક પ્રવૃત્તિ એ અનઅધિકૃત હોવાનું જણાવી તે અટકાવવા માંગ કરી હતી.

તેમની આ લાગણી હાઉસીંગ બોર્ડના કમિશનરને પહોંચાડી તાત્કાલિક યોગ્ય અને કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ આ લાગણી સાથે આવેનદપત્ર તેઓ ગુજરાત હાઉસીંગ બોર્ડના સત્તાવાળાઓને પહોંચાડશે તેવી હૈયાધારણ આપી હતી.

# સેકટર-૨૨માં છેલ્લા અઠવાડીયાથી અંધારપટ

## ૨૪ કલાકમાં તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટો શરુ નહીં કરવામાં આવે તો પંચદેવ મંદિર ખાતે ગુરુવારે સામાજીક આગેવાન અશ્વિન વ્યાસ (કુકર) ઉપવાસ પર ઉતરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક માસથી વધુના સમયથી સ્ટ્રીટ લાઈટના ધાંધિયા સર્જાય છે. એક સેકટરમાં સ્ટ્રીટ લાઈટ શરુ થાય તો બીજા સેકટરમાં બંધ થાય પણ તંત્ર આ સમસ્યાઓને ધ્યાને લેતું નથી અને આંખ આડા કાન કરી રહ્યું છે. ત્યારે ચોમાસાની સ્થિતિમાં સેકટર-૨૨માં આનંદવાટીકા સોસાયટી તેમજ આસપાસના વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી અંધારપટની સ્થિતિ જોવા મળી રહી છે. ચોમાસાની સિઝનમાં અંધકારને પગલે ઝેરી જીવજંતુઓ તેમજ ચોરીનો ભય વસાહતીઓને સતાવી રહ્યો છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત સોસાયટીના રહીશ અશ્વિન વ્યાસ (કુકર) દ્વારા કરવામાં આવી છે. પરંતુ તંત્રના અધિકારીઓને સેકટરોમાં બંધ પડેલા વિજપોલ શરુ કરીને અજવાળા પાથરવામાં જાણે કોઈ રસ ના હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે સામાજીક આગેવાન અશ્વિન કુકરે જો સેકટર-૨૨ આનંદ વાટીકા સોસાયટી તેમજ સમગ્ર સેકટરની બંધ પડેલી સ્ટ્રીટ લાઈટ માત્ર ૨૪ કલાકમાં તંત્ર દ્વારા શરુ કરવામાં નહીં આવે તો આગામી તા.૨૦ જુલાઈને ગુરુવારના રોજ પંચદેવ મંદિર ખાતે ઉપવાસ પર ઉતરશે તેવી ચિમકી તેઓએ ઉચ્ચારી છે. ચોમાસાની સિઝનને પગલે માર્ગો ઉબડ-ખાબડ બની ગયા છે. રાત્રીના સમયે લાઈટ ન હોવાથી વાહન ચાલકો તેમજ વડીલો ખાડામાં પડવાથી શરીરે સામાન્ય ઈજાઓ પણ થવા પામે છે.ત્યારે શહેરમાં વધતા જતા ચોરીના બનાવોને પગલે રાત્રીના સમયે લાઈટ ન હોવાથી સેકટર-૨૨ ના રહીશોને ઉંઘ પણ આવતી નથી.ત્યારે સેકટરની લાઈટો સત્વરે શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# કલોલ ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો આરંભ

ગાંધીનગર, તા. ૧૮

પંજાએ હંમેશા તમને લુંટવાનું જ કામ કર્યું છે, તેવું આજરોજ કલોલ ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના કેન્દ્રનો આરંભ કરાવતા નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાવ્યુ હતુ. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે વધુમાં જણાવ્યું હતું કે પંજો હંમેશા તમને મારવા કે તમારી પાસેથી કંઈક પડાવી લેવાનું કામ કરે છે. કોંગ્રેસને ચૂંટણી આવે એટલે ગરીબી હટાવો... યાદ આવે છે, તેમ કહી નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે કોંગ્રેસે ગરીબોને લૂંટવા સિવાયનું કોઈ કામ કર્યુ નથી. કલોલમાં લૂંટવાવાળા બહુ જ છે, તેવુ કહી જણાવ્યું હતું કે હું બેઠો છું. લુંટવા નહિ દઉ. આપવાનું કામ મારી સરકાર હંમેશા કરશે. કલોલના વિકાસ કાર્યમાં ક્યારેય બ્રેક નહિ લાગે. આપવાવાળા પક્ષને હંમેશા સહયોગ આપવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

શ્રમિક અન્નપૂર્ણા યોજના થકી શ્રમિકોને સાત્વિક ભોજન આપીને રાજય સરકાર માનવ કલ્યાણનું ઉમદા કાર્ય કરી રહી છે.



કલોલના ટાવર ચોક નજીક આવેલા કડિયાનાકા ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના કેન્દ્રનો આરંભ કરીને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ રાજય સરકાર દ્વારા કોઈ કલ્પના ન કરી શકે તેવા કામો અને યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. રાજય સરકાર દ્વારા ગરીબોનું જીવન ધોરણમાં સુધારો આવે તે માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. રાજયના ૩૫ લાખ બી.પી.એલ પરિવારને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા છે. કાર્ડધારક પરિવારના સભ્યને કેન્સર, ફેફસા અને કિડની જેવા ગંભીર રોગોની સારવાર માટે બે લાખ રૂપિયાની સહાય ચુકવામાં આવે છે. તેમજ રાજયમાં ગરીબ કલ્યાણ મેળા થકી અનેક ગરીબ નાગરિકોને સન્માનભેર જીવન જીવી શકે તે માટે કરોડો રૂપિયાની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના થકી શ્રમિક કાર્ડ ધરાવતા શ્રમિક અને તેના પરિવારના સભ્યો પેટ ભરીને સાત્વિક ભોજન જમી શકે તે માટે એક ટિફીનનું ભોજન માત્ર ૧૦ માં આપવામાં આવશે. રાજયમાં ૫.૫૦ લાખ શ્રમયોગીઓ નોંધાયેલા છે. જેમાં ૭૫૦૦ શ્રમયોગીઓ ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા છે. જે તમામને આ યોજના હેઠળ આવરી લેવાનું સુચારું આયોજન છે. આ યોજનામાં આ માટે કામ કરતી એજન્સીને રૂ. ૧૦ શ્રમિક અને રૂ. ૨૦ રૂપિયા રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવનાર છે.

# બાંધકામ શ્રમિકો કરતાં પણ ઓછી આવક ધરાવતા શ્રમજીવીઓ માટે રૂ. ૧૦માં ભોજન કેમ નહીં ?

ગુજરાતમાં ભાજપ સરકારે બાંધકામ શ્રમિકો માટે કડીયાનાકાએ રૂ. ૧૦માં પોષ્ટિક ભોજન આપવાની શરૂ કરેલી ચૂંટણીલક્ષી યોજનામાં બાંધકામ શ્રમિકો કરતાં પણ ઓછું વેતન મેળવતા ફીક્સ પગારધારકો, રોજમદાર કર્મચારીઓ, કોન્ટ્રાક્ટ પરના રોજમદારો તેમજ રોજ ભરતા શ્રમજીવીઓને પણ આ ભોજન રૂ. ૧૦માં મળે તેવી વ્યવસ્થા કરવા કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ડૉ. હિમાંશુ પટેલ જણાવે છે કે, ભાજપ સરકાર દ્વારા જાહેર કરાયેલી શ્રમિકોને ભોજન માટેની યોજના માત્ર સરકારી કોન્ટ્રાક્ટરોને ત્યાં કામ કરતાં શ્રમીકો માટે જ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. જેથી તેનો લાભ સરકારમાં કરોડો રૂપિયાની કમાણી કરતાં મોટા કોન્ટ્રાક્ટરોના શ્રમિકોને જ મળી રહ્યો છે. જ્યારે રોજબરોજ કામ મેળવવા માટે મહેનત કરતા આમજનતાના શ્રમિકો તેમજ બાકી શ્રમજીવીઓને ઠન... ઠન...

**ભાજપ સરકાર જરૂરીયાતમંદ અને ગરીબ શ્રમજીવીઓને પણ કોઈ ભેદભાવ રાખ્યા વિના રૂ. ૧૦ થી ૩૦માં ભોજન આપવું જાઈએ: ડો. હિમાંશુ પટેલ**

ગોપાલ...! ભાજપ સરકારની આ અન્યાયી અને ભેદભાવપૂર્ણ યોજનામાં કડીયાકામ કરીને રોજના રૂ. ૩૦૦ પ્રમાણે મહિને રૂ. ૯૦૦૦ કે તેથી વધારે આવક બાંધકામ શ્રમિકોને થાય છે. જ્યારે ચણતર, ટાઈલ્સ, પ્લાસ્ટર કરનાર કારીગરની હાજરી આજે રૂ. ૭૦૦ થી ૯૦૦ ચાલે છે તો તેમની મહિનાની આવક ૭૦૦ પ્રમાણે રૂ. ૨૧૦૦૦ થાય છે. જા તેમને રૂ. ૧૦માં ભોજન આપવાનું હોય તો રોડ - રસ્તા પર કામ કરતાં મજૂરો, રીક્ષાવાળા, લારી ખેંચતા શ્રમજીવીઓ અને રાજ્ય સરકારમાં ફીક્સ વેતન પગારમાં કામ કરતાં કર્મચારીઓની આવક તો શ્રમીકો કરતાં પણ ઓછી હોવા છતાં તેમને રૂ. ૧૦માં ભોજન કેમ નહીં...? ઠેર ઠેર ચર્ચાનો વિષય બનેલી આ બાબત ભૂખ્યાના જઠરાગ્નિ બાળવાથી ભાજપ માટે શ્રાપરૂપ બની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે શ્રમિકોને જે ભોજન રૂ. ૧૦માં આપવામાં આવે છે, તે ભોજન સરકારને રૂ. ૨૯માં પડી રહ્યું છે, જેમાં સરકાર રૂ. ૨૦ સબસીડી તરીકે આપે છે. આ સ્થિતિમાં ભાજપ સરકારે શ્રમજીવીઓ અને શ્રમિકોમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના તમામ ગરીબ અને જરૂરિયાતમંદ શ્રમજીવીઓને રૂ. ૧૦માં નહીં તો છેવટે રૂ. ૩૦માં આ પ્રકારે ભોજન આપવાની વ્યવસ્થા તાત્કાલીક કરવી જાઈએ.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બાલ સંસદની ચૂંટણી ઉત્સાહપૂર્વક યોજાઈ

## તમામ ચૂંટણી પ્રક્રિયા વિદ્યાર્થીઓએ સંભાળતા લોકશાહી પદ્ધતિનું જ્ઞાન મેળવ્યું

ચિલોડા, તા. ૧૮

તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રતિનિધિઓની ચૂંટણી એટલે બાળ સંસદ ચૂંટણી યોજવામાં આવી હતી. સમગ્ર દેશમાં રાજય-જિલ્લા તાલુકા-ગ્રામ પંચાયતની નિયત સમયે ચૂંટણીઓ યોજાતી હતી. ત્યારે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ લોકશાહી દેશમાં નાગરીકશાસ્ત્રના પાઠોનું જ્ઞાન પીરસવામાં આવે છે. ત્યારે ચૂંટણીપ્રક્રિયા અને લોકશાહી પદ્ધતિના અંગ સમા ચૂંટણી દ્વારા નાગરિકની ફરજો અને લોકતંત્રના આધારોને અનુસરવા બાળકોને બાળસંસદની ભૂમિકાની જાણકારીરૂપે બાળસંસદની ચૂંટણી વિદ્યાર્થીઓ દ્વારા યોજાઈ હતી. બાળ સંસદની ચૂંટણીમાં તમામ પ્રક્રિયામાં ચૂંટણીનું જાહેરનામુ, ઉમેદવારીપત્રો-ચકાસણી, માન્ય ઉમેદવારો, મતદારયાદી, મતદાનની તારીખ, સમય, મતદાનપત્રકો, મતપત્રકો, પ્રિસાઈડીંગ, પોલીંગ સેન્ટર, કર્મચારી વગેરે દ્વારા નિયમોનુસાર ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં કુલ માન્ય ૧૧ ઉમેદવારોને મત આપવાનું ફરજિયાત હતુ. મતદાનમાં ૧૫૬ મતદારોએ મતદાન કર્યુ હતું.



જેમાં વિજેતા ઉમેદવારોમાં સુહાની ઠાકોર, હિના ઝાલા, મનોજ મકવાણા, દિનેશ વાઘેલા, સુમિત્રા ઠાકોર, વિક્રમ ઠાકોર, મેહુલ દરબાર, રીતુ ઠાકોર, પ્રતિક રાવલ, જીવાભાઈ ક્લાસવા વગેરે ચૂંટણીમાં વિજેતા નીવડ્યા હતા. સમગ્ર ચૂંટણીનું સફળ આયોજન ચીનુભાઈ પરમાર તથા રિકેશ પટેલના માર્ગદર્શન દ્વારા યોજાયું હતું. તમામ વિજયી વિદ્યાર્થીઓને તથા ચૂંટણીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી શુભકામના પાઠવવામાં આવી હતી.

# શહેરના ચાર કર્મઠ કાર્યકરોનો ભાજપ યુવા મોરચા પ્રદેશ કારોબારીમાં સમાવેશ

## ધવલ દવે, રાજેન્દ્ર કાઠીયા, ભરત ઠક્કર, પ્રણવ પટેલનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ભાજપ યુવા મોરચાના કર્મઠ કાર્યકરોની કામની નોંધ ઉચ્ચ કક્ષાએ લેવાઈ છે. શહેર ભાજપના યુવા કાર્યકર ધવલ દવે, રાજેન્દ્ર કાઠીયા, ભરત ઠક્કર અને પ્રણવ પટેલની ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચામાં કારોબારી સભ્ય તરીકે નિમણુંક થવા પામી છે. શહેરના ચારેય યુવા કાર્યકરોની પસંદગીથી ભાજપ શહેર યુવા મોરચામાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર શહેર ભાજપ યુવા પાંખમાં યુવાવયથી તન-મનથી જોડાયેલા અને સંગઠનની જવાબદારી સંપૂર્ણ રીતે નિભાવનાર તેમજ



પક્ષના દરેક કાર્યકમો અને જવાબદારીને માથે ચડાવી ઘરે ઘરે જઈને સરકારની સિદ્ધીઓનો પ્રચાર પ્રસાર કરીને એક કર્મઠ કાર્યકર તરીકેની આગવી છાપ ઉભી કરનાર શહેરના ચારેય યુવા કાર્યકરોની ભાજપ યુવા મોરચો પ્રદેશ કક્ષાએ નોંધ લેવાઈ છે. અને યુવા મોરચાના ચારેય કાર્યકરોને પ્રદેશ કક્ષાએ કારોબારી સભ્ય તરીકે નિમણુંક થઈ છે. શહેરના યુવા કાર્યકર ધવલ દવે બ્રહ્મસમાજના યુવા પાંખમાં ઉપપ્રમુખ તરીકે પણ જોડાયેલા છે.સમાજના કામમાં પણ તેઓ એટલા ખંતથી જ કામગીરી સુપેરે નિભાવે છે.

જયારે ભાજપ યુવા મોરચામાં પૂર્વ મહામંત્રી પણ રહી ચુક્યા છે. યુવા વેપારી તરીકે પણ તેમની આગવી ઓળખ ઉભી કરી છે. વેપારી તરીકે તેમજ રાજકીય આગેવાન તરીકે સારી એવી નામના મેળવી ચુક્યા છે. જયારે પ્રણવ પટેલ પણ નાની ઉંમરથી જ ભાજપ પક્ષના યુવા મોરચામાં વોર્ડમાં સામાન્ય કાર્યકરથી જોડાયા હતા. ત્યારબાદ કામગીરીને પગલે શહેર યુવા મોરચામાં મહામંત્રી તરીકે પણ જવાબદારી નિભાવી ચુક્યા છે.

રાજેન્દ્ર કાઠીયા અને ભરત ઠક્કરની પણ કામગીરીની પક્ષ દ્વારા નોંધ લેવામાં આવી છે. અને આગામી સમયમાં વિધાનસભાની ચુંટણીમાં મિશન ૧૫૦ હાંસલ કરવાનું પક્ષ દ્વારા નક્કી કરાયું છે. જેને પગલે પ્રદેશ કક્ષાએથી મોટાફેરફાર કરવામાં આવે છે. અને પ્રદેશમાં કર્મઠ કાર્યકરોની ટીમ તૈયાર કરવામાં આવે છે. ત્યારે શહેરના ચાર યુવા કાર્યકરોની પણ ભાજપ યુવા મોરચાની કારોબારી સભ્ય તરીકે નિમણુંક થતા મહાનગર ભાજપના સૌ હોદેદારો સભ્યો તેમજ કાર્યકર્તાઓએ અભિનંદન પાઠવી કાર્યકરોને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# છોત્તેર ગોળ દરજી સમાજનું કલોલમાં રવિવારે અધિવેશન

શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટનું દ્વિવાર્ષિક અધિવેશન તા. ૨૩મી જુલાઈએ બપોરે દોઢ વાગે અંબાજી માતાજીની મંદિરની વાડી, કપિલેશ્વર મહાદેવની બાજુમાં કલોલ ખાતે પ્રવિણભાઈ ગોવિંદલાલ દરજી (ઈસંડવાળા)ના પ્રમુખ સ્થાને યોજાશે. મહેન્દ્રભાઈ વી. પરમાર-પ્રમુખશ્રીએ તમામ જ્ઞાતિજનોને હાજર રહેવા જણાવ્યું છે.

# ભાજપ દ્વારા વોર્ડ નં-૧ સંકલન સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ભાજપ વોર્ડ નં-૧ સેકટર ઈન્ચાર્જઓની બેઠક સેકટર-૨૭માં ભાજપ ઉપપ્રમુખ ઉરેન પટેલના નિવાસ સ્થાને યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઉતર વિધાનસભા ચુંટણી સંયોજક શ્રવણસિંહ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ,વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, પ્રભારી અતુલભાઈ પટેલ, કોર્પોરેટર નિતીનભાઈ પટેલ, બરખાબેન, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ઉપપ્રમુખ કિર્તીભાઈ, અમૃતભાઈ દેસાઈ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, મહિલા મોરચા પ્રમુખ મણીબેન દેસાઈ, વોર્ડ પ્રમુખ ઉમેશ જહા, બક્ષીપંચ મોરચા મહામંત્રી કાનજીભાઈ ઠાકોર, સિનિયર કાર્યકર્તા જીલુભા ધાંધલ, મનુબેન રબારી, વગેરેની હાજરીમાં પેજ પ્રમુખ અને બુથ સમિતિ પૂર્ણ કરવાની જવાબદારી લીધી હતી.

# શ્રી સરસ્વતી વિદ્યાલય શાળા, સે. ૩ના વિદ્યાર્થીઓનો કબડ્ડી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી દ્વારા શાળાકીય સ્પર્ધા 'કબડ્ડી'નું આયોજન તાજેતરમાં ચૌધરી સ્કૂલ, સે. ૭ ખાતે થયું હતું. જેમાં તાલુકાની (ઝોન ડી) અલગ-અલગ શાળાઓએ ભાગ લીધો હતો. સે. ૩ની એસએસવી કેમ્પસના વિદ્યાર્થીઓએ યુ.૧૯માં કબડ્ડીની સ્પર્ધામાં તાલુકાની (ઝોન ડી)માં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ દેખાવથી તેઓ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ છે. શાળાઓના ટ્રસ્ટીઓ શિક્ષકો તેમજ પ્રિન્સિપાલે આશિર્વચન આપ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી.

# જીએસટીનો અમલ એક વર્ષ મોકુફ રાખવા શંકરસિંહ વાઘેલાની અપીલ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ મીડીયા અને પત્રકાર મિત્રોને સંબોધતાં જણાવ્યું હતું કે, હું કેન્દ્ર અને ગુજરાત સરકારને અનુરોધ કરું છું કે, ગુજરાતના વેપારીઓ કે જેઓને જીએસટી બાબતે અસમંજસ છે અને ગાંધીચિંધ્યા માર્ગે જેઓ આંદોલન કરી રહ્યા છે તેવા વેપારીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખી, વેપારીઓ ધીરે ધીરે જીએસટીથી માહિતગાર થાય ત્યાં સુધી એટલે કે અંદાજિત એક વર્ષ સુધી તેમને જીએસટીમાંથી મુક્તિ આપવી જોઈએ. જીએસટીના એક વર્ષ જેટલા મોડા અમલીકરણને કારણે કાંઈ ખાટું-મોળું થઈ જવાનું નથી. વેપારીઓને દિલ્હી બોલાવી ગુડી-ગુડી વાતો કરવી, ખોટા ધકકા ખવડાવવા, તે બરાબર નથી. વેપારીઓ માટે વેપાર એ એમની રોજીરોટી અને આજીવિકાનું સાધન છે. વેપાર-ધંધા બંધ રાખવાનો કોઈ વેપારીને શોખ ન હોય, પરંતુ સરકાર સામે વિરોધ દર્શાવવાનું આ સાધન અથવા માધ્યમ છે એમ માની વેપારીઓ વિરોધ કરતા હોય છે. ત્યારે એમની વાત ગુજરાત અને ભારત સરકાર સમજે, ચૂંટણીઓ સુધી રાહ ન જુએ અને જીએસટીનું અમલીકરણ પ્રજાના હિતમાં એકાદ વર્ષ મોડું કરવાની પણ અપીલ કરૂ છું.

શંકરસિંહ વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, સારો વરસાદ થવાના કારણે દેશ અને રાજ્યમાં યુરીયા ખાતરની માંગ વધારે હોય તે સ્વાભાવિક છે. ગુજરાત અને ઉત્તરપ્રદેશ કે જ્યાં ભાજપની સરકારો છે ત્યાં ખેડૂતો પાસેથી યુરિયા ખાતરની એક થેલીનો ભાવ જીએસટી સહિત રૂ. ૩૧૭ લેવાય છે, જ્યારે અન્ય રાજ્યોમાં એક થેલીનો ભાવ રૂ. ૨૯૫ લેવાય છે. ગુજરાતમાં અન્ય રાજ્યો કરતાં ૨૦ ટકા વધારે ભાવ યુરિયાની થેલી ઉપર ખેડૂતોએ ચૂકવવો પડે છે. ખેડૂતોને ખેતી માટેના ઈનપુટ્સના વધારે ભાવ આપવા પડે છે. ખેડૂતોને ખેતી પોસાતી ન હોવાથી દેશના ઘણાં રાજ્યોમાં ખેડૂતોએ આપઘાતનો આશરો લેવો પડે છે. અન્ય રાજ્યો અને ગુજરાતમાં પણ યુરિયા ખાતરનો ભાવ એકસરખો જ હોવો જોઈએ તેવી માંગણી કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે કરૂ છું.

# ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી પ્લોટ નં-૨૫-૧ ખાતે વસવાટ કરતા સ્વ.કમળાબેન.કે.પટેલ ઉં.વ.૮૫ નું દુખદ અવસાન થતા તેમના કુટુંબીજનની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. પ્રશાંથીએ તેમજ જુ.સી.કા.ના કાર્યકર સંજયસિંહ વાઘેલાએ સેવા પુરી પાડી હતી. ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય સુરેશભાઈએ કર્યું હતું.


## જાહેર નિવિદા

ગાંધીનગર સ્થિત મધુર ડેરી માટે જાહેરાત, માહિતી પ્રચાર-પ્રસાર અને બ્રાન્ડીંગ માટે મીડીયા એજન્સીની સેવાની જરૂરીયાત છે. આ અનુભવી એજન્સીઓએ www.madhurdairy.org ઉપરથી નિયત પત્રક ડાઉનલોડ કરી તા. ૨૩ જુલાઈ ૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂ કે પોસ્ટ / કુરીયરથી મધુર ડેરીની કચેરીએ મળી રહે તે રીતે અરજી કરવાની રહેશે.

**મેનેજીંગ ડીરેક્ટર**
**ગાંધીનગર જીલ્લા સહકારી**
**દૂધ ઉત્પાદક સંઘ લિ. (મધુર ડેરી)**
**જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર**

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**(ગુજરાત સરકારનું સાહસ)**
**જાહેરાત ક્રમાંક : ૧૦/૨૦૧૭-૧૮**
**'દ્વિતીય પ્રયત્ન'**

**રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર ફીઝીબીલીટી કમ ડી.પી.આર.**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) પાત્રતા ધરાવતી રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય ઈજનેરી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ તરફથી શક્યતાદર્શી અહેવાલ સહ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ નીચેના કામ માટે તૈયાર કરવા માટે મંગાવે છે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | રસ્તાની લંબાઈ (કી.મી.) | ડોક્યુમેન્ટની કિંમત (રૂા.) |
|---|---|---|---|
| ૧. | ચીખલી-સાપુતારા હીલ (હીલ રોડ) | ૪૦ | ૫૦૦૦ |

રસ ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ/કંપનીઓ/જોઈન્ટ વેન્ચર આર.એફ.પી. ડોક્યુમેન્ટ www.gsrdc.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.
ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે વેબસાઈટ www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી.

**ઈ.ઓ.આઈ. માટે અનુસૂચિ :**

| | | |
|---|---|---|
| ૧. | ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ / સમય | તા. ૧૮/૭/૨૦૧૭થી ૩/૮/૨૦૧૭ |
| ૨ | ડોક્યુમેન્ટની કિંમત | ઉપર મુજબ પ્રતિ એક ડોક્યુમેન્ટ માટે ડી.ડી. સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે નોન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે. ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર. વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ |
| ૩. | સબમીશન કરવાની પદ્ધતિ | ઈ-ટેન્ડરીંગ www.gsrdc.nprocure.com |
| ૪. | પ્રિ-એપ્લીકેશન મીટીંગ | ૨૧/૭૨૦૧૭ |
| ૫. | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય | ૩/૮/૨૦૧૭ : ૧૮:૦૦ કલાક સુધી |
| ૬. | પ્રિ-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીખ (ઓનલાઈન) | ૪/૮/૨૦૧૭: ૧૨:૦૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજુ કરવાની તારીખ / ટાઈમ | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૩/૮/૨૦૧૭થી ૧૧/૮/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે ૧૧:૦૦થી ૬:૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડપોસ્ટથી મોકલવાના રહેશે. નિયત સમયથી પહેલા/પછી અન્ય કોઈપણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી. જી.એસ.આર.ડી.સી. ખાતે સ્વીકારવામાં આવશે નહીં. તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે. |

**જનરલ મેનેજર (પ્રો.)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫ ફેક્સ નં., Email : gsrdc.gmail.com**
માહિતી/૧૦૮૧/૧૭-૧૮